કપડવંજ કેળવણી મંડળ

KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
શિક્ષા • સંસ્કાર • સેવા • સહયોગ
સ્થાપના વર્ષ - ૧૯૪૦

Affordable Education For All

પ્રતિભા

કપડવંજ કેળવણી મંડળનું મુખપત્ર (ફક્ત અંગત વિતરણ હેતુ)

અંક નં. ૭૯
વર્ષ ૨૦૨૪-૨૫

સંપાદક: ઋચા આચાર્ય, સહ સંપાદક: મનીષા પટેલ , ડીઝાઇનર: ફાલ્ગુની સુથાર, માર્ગદર્શક: અનંતભાઈ શાહ, પ્રકાશક: કપડવંજ કેળવણી મંડળ

કપડવંજ કેળવણી મંડળનો અજોડ અને ભવ્ય રસોત્સવ કાર્યક્રમ



કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શંકરલાલ હરજીવનદાસ શાહ સાંસ્કૃતિક કેન્દ્ર આયોજિત ત્રિદિવસીય રસોત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં તા. ૨૬-૧૨-૨૦૨૪ થી ૨૮-૧૨-૨૦૨૪ દરમિયાન બાલમંદિરથી કોલેજ સુધીના કુલ ૧૨૬૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. પ્રથમ દિવસે શ્રી સ્પંદન બાલમંદિર, શ્રી માણેકલાલ દેસાઈ કિશોર મંદિર અને શ્રી સી.એન.વિદ્યાલયના ૩૬૭ બાળકો દ્વારા વિવિધ પ્રકારના ડાન્સ, ગરબા, રાસ અને નાટ્ય સ્વરૂપે ૧૨ કૃતિઓ રજૂ કરવામાં આવી. આ દિવસે કપડવંજ કેળવણી મંડળ કેમ્પસમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના ૩૫૦૦ જેટલા વાલીગણે આ કાર્યક્રમ પ્રત્યક્ષ નિહાળ્યો. આ કાર્યક્રમમાં પ્રથમ દિવસે મુખ્ય મહેમાન તરીકે શ્રી શંકરલાલ હરજીવનદાસ શાહ સંસ્કૃતિક કેન્દ્રના દાતાશ્રીના પરિવારના સદસ્યશ્રી નીલાબેન પીયુષભાઈ શાહ, કપડવંજ કેળવણી મંડળના હોદ્દેદારશ્રીઓ, ત્રણે શાળાના આચાર્યશ્રીઓ ઉપસ્થિત રહ્યાં. મહેમાન શ્રી નીલાબેનના પ્રોત્સાહક વક્તવ્યથી વિદ્યાર્થીઓમાં આનંદની સાથે ઉત્સાહ અને જોશ પણ વધ્યો. આ કાર્યક્રમના બીજા મુખ્ય મહેમાનશ્રી તથા ત્રણેય દિવસના ભોજનના દાતાશ્રી નટવરલાલ વછરાજભાઈ ચોકસી અનિવાર્ય સંજોગોને કારણે ઉપસ્થિત રહી ના શકતા તેઓએ કાર્યક્રમને શુભેચ્છા પાઠવેલ.

પ્રથમ દિવસની કૃતિઓની ઝલક









તા.૨૭-૧૨-૨૦૨૪ દ્વિતીય દિવસ

તા. ૨૭-૧૨-૨૦૨૪ને શુક્રવારના રોજ શ્રી જડાવબા શિશુ કેન્દ્ર, શ્રી એસ.સી.દાણી પ્રાયમરી અને સેકન્ડરી સ્કુલ અને શાહ કે.એસ.આર્ટસ એન્ડ વી.એમ. પારેખ કોમર્સ કોલેજના ૪૩૦ વિદ્યાર્થીઓ દ્વારા કુલ ૨૧ કૃતિ રજુ કરવામાં આવી. જેમાં પ્રાથના, સ્વાગત ગીત, ભક્તિ ગીત, ગરબા, રાસ, દેશ ભક્તિગીત, નાટક તથા વિવિધ ડાન્સ રજુ કરવામાં આવ્યા. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે નગર સેવા સદન પ્રમુખ શ્રીમતી વર્ષાબેન પંચાલ, અતિથિ વિશેષ તરીકે સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી ડોનેલ વાલાણી (સી.એ.), વિનલ એસ. પટેલ (આર.એફ.ઓ) તથા બેંક ઓફ બરોડા કપડવંજ બ્રાંચના પ્રતિનિધિ અને કપડવંજ કેળવણી મંડળના હોદ્દેદારશ્રીઓ ઉપસ્થિત રહ્યાં. આ દિવસે પણ લગભગ ૩૫૦૦ થી ૪૦૦૦ જેટલા પ્રેક્ષકો ઉપસ્થિત રહ્યાં.

દ્વિતીય દિવસની કૃતિઓની ઝલક











તા.૨૮-૧૨-૨૦૨૪ તૃતિય દિવસ

તા.૨૮-૧૨-૨૦૨૪ ને શનિવારના રોજ શ્રી એમ.વી.પરીખ ઈંગ્લીશ મીડીયમ નર્સરી સ્કુલ, શ્રીમતી સી.ડી.ગાંધી ઈંગ્લીશ મીડીયમ સ્કુલ પ્રાયમરી અને સેકન્ડરી, પારેખ બ્રધર્સ સાયન્સ કોલેજ અને શ્રી એસ.કે.શાહ (ચ્હાવાળા) કોલેજ ઓફ એજ્યુકેશનના કુલ ૪૩૩ વિદ્યાર્થીઓ દ્વારા કુલ ૧૬ કૃતિ રજુ કરવામાં આવી. વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા મુખ્ય મહેમાન તરીકે શ્રી ડી.એન.સોલંકી (D.Y.S.P) કપડવંજ, અતિથિ વિશેષ તરીકે તારાબેન વી. પટેલ અને હિમાંશુભાઈ શાહ ઉપસ્થિત રહ્યાં. આ દિવસે બાલમંદિરના ભૂલકાઓનો તહેવારોની ઉજવણી સાથે ડાન્સ, રાજસ્થાની નૃત્ય, ગરબા, રાસ, સ્પોર્ટ્સ મેલોડી ડાન્સ, વૃક્ષો તથા પર્યાવરણને બચાવો, પાણી બચાવો પર માઈમ, રામાયણની થીમ સાથે નૃત્ય નાટિકા રજુ થઇ. કોલેજ દ્વારા અર્વાચીન રાસ રજુ થયો અને બી.એડ. કોલેજ તેમના બે વર્ષના અભ્યાસક્રમની થીમ સાથે નાટક લઇ સ્ટેજ પર ઉતરી.







તૃતિય દિવસની કૃતિઓની ઝલક











કપડવંજ કેળવણી મંડળના મંત્રીશ્રી અનંતભાઈ શાહ તથા મંડળના CEO – શ્રી મૌલિકભાઈ ભટ્ટના માર્ગદર્શન તથા નેતૃત્વ હેઠળ તમામ સંસ્થાના આચાર્યશ્રીઓ, શિક્ષક મિત્રો, વિદ્યાર્થીઓ અને નોન-ટીચિંગ સ્ટાફ તથા કપડવંજ કેળવણી અને શંકરલાલ હરજીવનદાસ શાહ સાંસ્કૃતિક કેન્દ્રના સ્ટાફની મહેનત થકી આ કાર્યક્રમને ઝળહળતી સફળતા મળી છે. આ આખા કાર્યક્રમને કપડવંજ કેળવણી મંડળની “You Tube” ચેનલ પર ૫૦૦૦ થી વધુ લોકોએ લાઇવ નિહાળ્યો.

શ્રી શંકરલાલ હરજીવનદાસ શાહ સાંસ્કૃતિક કેન્દ્ર દ્વારા ચિત્ર સ્પર્ધાનું આયોજન

કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શ્રી શંકરલાલ હરજીવનદાસ શાહ સાંસ્કૃતિક કેન્દ્રના ઉપક્રમે તારીખ 4/1/25 શનિવારના રોજ ચિત્ર તથા રંગપુરણી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. આ ચિત્ર તથા રંગપૂરણી સ્પર્ધામાં કપડવંજ કેળવણી મંડળની વિવિધ સંસ્થાઓના 1703 જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો. જેમાં ધોરણ પ્રમાણે સાત વિભાગમાં સ્પર્ધા રાખવામાં આવી. સાંસ્કૃતિક કેન્દ્રના મુખ્ય દાતા સ્વ. યોગેન્દ્રભાઈ શંકરલાલ શાહ અને ઈન્દુમતી બેનના સૌજન્યથી છેલ્લા ચાર વર્ષથી આ સ્પર્ધા શરૂ કરવામાં આવી છે. ઉદ્ઘાટન પ્રસંગમાં ઇન્દુમતીબેન, તેમના પુત્ર સંજયભાઈ, પુત્રી નીલાબેન ઓનલાઇન જોડાઈ લાઈવ પ્રસારણ નિહાળી સ્પર્ધકોને શુભેચ્છાઓ પાઠવી. આ સ્પર્ધામાં દરેક વિભાગમાં એક થી પાંચ વિજેતાઓને ઇનામો આપવામાં આવશે. આ સ્પર્ધાનો મુખ્ય ઉદ્દેશ કપડવંજ અને આજુબાજુના વિસ્તારના બાળકોમાં રહેલી પ્રતિભા બહાર લાવવાનો તથા તેમને જિલ્લા, રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષા સુધી પહોંચાડવાનો છે. આ સ્પર્ધાનું આયોજન કેકેમના સ્ટાફ તથા ડ્રોઈંગ શિક્ષકો દ્વારા કરવામાં આવ્યું.







પ્રથમ કાર્યક્રમની સફળતા સાથે હેમેન્દ્ર તેલી પ્રેરિત વરિષ્ઠ નાગરિક મિત્ર મંડળની શરૂઆત





છેલ્લા ૮૨ વર્ષથી કપડવંજ કેળવણી મંડળ તેના મુલ્યોને જાળવી વિદ્યાર્થીઓ અને સમાજ માટે કાર્ય કરવા હંમેશા ઉત્સુક રહ્યું છે જેના થકી સમાજ ઉપયોગી કાર્યો માટે કેળવણી મંડળ દાતાશ્રીઓની પ્રથમ પસંગી રહ્યું છે. કપડવંજના વરિષ્ઠ નાગરિકો ના આનંદ, મનોરંજન તથા સુખાકારી માટે મૂળ કપડવંજના વતની હાલ અમેરિકા સ્થિત હેમેન્દ્રભાઈ તેલી પ્રેરિત અને અનુદાનિત ‘વરિષ્ઠ નાગરિક મિત્ર મંડળ’ ની રચના કરવામાં આવી. જેના અંતર્ગત પ્રથમ કાર્યક્રમ તારીખ 4 થી જાન્યુઆરી, શનિવારના રોજ યોજવામાં આવ્યો. કાર્યક્રમમાં કપડવંજ ના ૮૦ જેટલા વરિષ્ઠ ભાઈઓ અને બહેનોએ ઉપસ્થિત રહી કાર્યક્રમનો આનંદ ઉઠાવ્યો. દીપ પ્રાગટ્ય બાદ કેળવણી મંડળના પ્રમુખ ડૉ. હરિશભાઈ કુંડલીયાએ હેમેન્દ્રભાઈ તેલીનો પરિચય, આ પ્રકારનું મંડળ શરુ કરવાનો તેમનો વિચાર અને ઉદેશ્ય તથા તેમના બાળપણ અને યુવાનીના સંસ્મરણોની યાદ તાજી કરતો તેમનો પત્ર વાંચી સંભળાવી ઉપસ્થિત સર્વેને આવકાર્યા હતા. પ્રાર્થના બાદ ૭૫ વર્ષથી વધુ ઉંમર વાળા વરિષ્ઠોને સન્માનિત કરી તેમના આશીર્વચનનો લાભ ઉઠાવ્યો હતો. ત્યારબાદ સૌએ અંતાક્ષરીમાં ભાગ લઇ જુના નવા ગીતો ગાયા હતા. અંતે સ્વાદિષ્ટ ભોજન લઇ છુટા પડ્યા હતા. સૌએ આ કાર્યક્રમના વિચાર અને આર્થિક સહયોગ બદલ હેમેન્દ્ર ભાઈનો તથા સુંદર આયોજન બદલ કપડવંજ કેળવણી મંડળનો આભાર માન્યો હતો.

વરિષ્ઠ નાગરિક મિત્ર મંડળ કાર્યક્રમની વિશેષ ઝલક













શ્રી એસ. સી. દાણી પ્રાયમરી સ્કુલ

અભ્યાસક્રમમાં આવતા વિવિધ વિષયો પર વ્યવસાયિક વાલીઓ સાથે વિદ્યાર્થીઓનો વિશેષ ચર્ચા વિચારણા કાર્યક્રમ

ડૉ. વૈશાલીબેન દ્વારા જાતિગત ભિન્નતા અંગે ચર્ચા



કઠલાલ આરોગ્ય કેન્દ્રના ડો. વૈશાલીબેન હર્ષભાઈ પટેલને ધોરણ ૭ ના સામાજિક વિજ્ઞાન વિષયના જાતિગત ભિન્નતા પાઠના અનુસંધાનમાં શાળામાં આમંત્રિત કરવામાં આવ્યા, તેમણે વિદ્યાર્થિનીઓને તેમના સાથે થતા ભેદભાવ, કુપોષિત બાળકો વિશે, વિવિધ ક્ષેત્રોમાં મહિલાઓના પ્રદાન, મહિલા સશક્તિકરણ તેમજ તેમનામાં આત્મસન્માન વધે તે અંતર્ગત ખૂબ જ રસપ્રદ ઉદાહરણ દ્વારા માહિતી આપી અને વિદ્યાર્થીનીઓના મૂંઝવણ ભરેલા પ્રશ્નોના ખૂબ જ નિખાલસતાથી જવાબો આપી પ્રોત્સાહિત કર્યા. તેઓશ્રી આપણી એસ.સી.દાણી શાળાના વાલી છે.

હાઇકોર્ટ વકીલ બીપીનભાઈ સાથે ચર્ચા વિચારણા કાર્યક્રમ



સામાજિક વિજ્ઞાન વિષયમાં આવતા પાઠ ‘ન્યાયતંત્ર’ ના અનુસંધાનમાં વિદ્યાર્થીઓને ન્યાયતંત્રનું મહત્વ, ન્યાયતંત્રની જરૂરિયાત અને અદાલત વિશે બાળકોને વિશેષ જાણકારી પ્રદાન કરવા બીપીનભાઈ રાઠોડ કે જેઓ છેલ્લા 25 વર્ષથી તાલુકા અદાલત, જિલ્લા અદાલત તેમજ હાઇકોર્ટના વકીલ તરીકે પ્રેક્ટિસ કરી રહ્યા છે તેમને વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરવા અને ન્યાયતંત્ર વિષે વિસ્તૃત માહિતી આપવા શાળામાં આમંત્રિત કર્યા હતા. બીપીનભાઈએ બાળકોને ન્યાયતંત્ર તેમજ તેના કાર્ય વિશે સમજૂતી આપી હતી. તેમની સાથે ઉપસ્થિત વકીલ શ્રી મનનભાઈ ઇનામદારે પણ બાળકોના મૂંઝવણ ભર્યા પ્રશ્નોના જવાબો આપ્યા હતા.

જડાવબા શિશુ કેન્દ્ર

ઉત્તરાયણની ઉજવણી



શ્રી જડાવબા શિશુ કેન્દ્રમાં તારીખ 10/1 /2025 ને શુક્રવારના રોજ ઉતરાયણ ની ઉજવણી કરવામાં આવી. ઉતરાયણ એટલે "પતંગનો મહોત્સવ." ઉતરાયણને મકરસંક્રાંતિ તરીકે પણ ઓળખવામાં આવે છે. બાળકોએ પતંગ ચગાવી, એ..... કાપ્યો... છે, ની બૂમો પાડી ઉત્તરાયણની મજા માણી. તલની ચીકીનો નાસ્તો કરાવવામાં આવ્યો.. શિક્ષકો દ્વારા ધાબાને રંગબેરંગી પતંગોથી સજાવવામાં આવ્યું અને સુરક્ષિત રીતે ઉતરાયણ ઉજવીને શિક્ષકોએ બાળકોને ઉત્તરાયણનું મહત્વ સમજાવ્યું.

વાત્સલ્ય મિલન અને ડો.રૂખ્સારશેખ દ્વારા દાંત સંભાળ અંગે ચર્ચા





બાલમંદિર વિભાગમાં વાલી સંપર્ક ખુબ જ મહત્વનું સ્થાન ધરાવે છે. શ્રી જડાવબા શિશુ કેન્દ્રમાં માસિક વાત્સલ્ય મિલનના ભાગ રૂપે વાલી મીટીંગનું આયોજન કરવામાં આવ્યું. વાલીશ્રીને ડિસેમ્બર મહિનાની મૂલ્યાંકન શીટ બતાવી તેમના બાળકોના પરફોર્મન્સની ચર્ચા કરવામાં આવી. ડેન્ટિસ્ટ ડૉ.રૂખ્સાર અબ્દુલકાદર શેખ કે જેઓ શાળાના વાલી પણ છે તેમને આમંત્રિત કરવામાં આવ્યા. જેમાં દરેક વાલીશ્રી પોતાના બાળકના હેલ્થ માટે જાગૃત બને તે માટે જરૂરી માહિતી આપી. બાળકના દાંતનુ મહત્વ, કેવા બ્રશ અને પેસ્ટનો ઉપયોગ કરવો, દુધિયા દાંત, વાંકાચૂંકા દાંત અને દાંતના સડા વિશેની માહિતી આપી, સવારે અને રાત્રે જમ્યા પછી 2 થી 3 મિનિટ બ્રશ કરવું જેવા મહત્વના મુદ્દા પર ચર્ચા કરી. વાલીએ પૂછેલા દાંતને લગતા તમામ પ્રશ્નોના તેમણે જવાબ આપ્યા અને દરેક બાળકને ટૂથ બ્રશ ભેટમાં આપ્યા. મોટી સંખ્યામાં વાલીશ્રીઓએ વાત્સલ્ય મિલનમાં ઉપસ્થિત રહી ડોક્ટર પાસેથી જરૂરી માહિતી મેળવી.

શ્રી સ્પંદન બાલમંદિર

ફાર્મની મુલાકાત

શ્રી સ્પંદન બાલમંદિરમાં પ્રવૃતિમય તથા અનુભવજન્ય શિક્ષણના ભાગરૂપે બાળકોને ખેતરની પ્રત્યક્ષ સમજ માટે નિરમાલી રોડ પર આવેલ ચંદ્ર સેવાશ્રમમાં લઈ જવામાં આવ્યા. ત્યાં બાળકોને ધનુરમાસ નિમિત્તે ખીચડો, કઢી, પાપડ ખવડાવવામાં આવ્યા ત્યારબાદ નજીકમાં આવેલ ફાર્મમાં લઈ જઈ બાળકોને ફાર્મની સમજ આપી, આંબળાના ઝાડ બતાવવામાં આવ્યા. બાળકોને આમળા ખાવાની અને વીણવાની ખૂબ જ મજા આવી.





શ્રી એમ.વી. પરીખ ઇંગ્લીશ મીડીયમ નર્સરી સ્કુલ

મકરસંક્રાંતિની ઊજવણી

શ્રી એમ.વી. પરીખ ઇંગ્લિશ મિડિયમ સ્કૂલમાં મકરસંક્રાંતિની ઉજવણી કરવામાં આવી, જેમાં શાળાના શિક્ષકો દ્વારા મકરસંક્રાંતિ થીમ પર ડેકોરેશન કરી બાળકોને તેના વિશેની સમજ આપી. બાળકો તેમજ શિક્ષકોએ સાથે મળી પતંગ ચકાવી અનેરો આનંદ માણ્યો હતો.



શિયાળાની ઋતુ પર ગેલેરી વોકનું આયોજન

શ્રી. એમ.વી. પરીખ ઇંગ્લીશ મીડીયમ સ્કુલમાં નર્સરીના બાળકો તેમજ શિક્ષકો દ્વારા “વિન્ટર સીઝન (શિયાળાની ઋતુ) થીમ પર ગેલેરી વોક”નું આયોજન કરવામાં આવ્યું. જેમાં શિયાળામાં ખવાતા ફળો તેમજ શાકભાજી, બાજરીના રોટલા, થેપલા, તલની ચીકી તેમજ શિયાળાની કડકડતી ઠંડીથી બચવા પહેરાતા ગરમ કપડા જેવા કે સ્વેટર, મોજા, હેન્ડ ગ્લોઝ ઉપરાંત ગામડામાં ઠંડી ઉડાડવા માટે તાપણાનો ઉપયોગ કેવી રીતે કરે છે તેનું શાળાના શિક્ષકો દ્વારા પ્રેક્ટીકલ કરી બાળકોને ખૂબ જ સરળ અને સચોટ ભાષામાં શિયાળાની ઋતુ વિશે સમજાવવામાં આવ્યું.

